કેસ રજૂ. તા. :– ૦૭.૦૫.૨૦૨૬
કેસ રજી. તા. :– ૦૭.૦૫.૨૦૨૬
કેસ ફેંસલ તા. :– ૨૦.૦૭.૨૦૨૬
સમયગાળો :– વર્ષ માસ દિવસ
૦૦ ૦૨ ૧૩

**વલસાડના મહે. બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ એસ.જે.ચાવડા, સાહેબશ્રીની કોર્ટમાં, મુ : વલસાડ.**

ફોજદારી કેસ નં. : ૩૪૨૧/૨૦૨૬
આંક : ૦૯

ફરિયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી : ભારતીબેન જયંતિલાલ પટેલ,
રહે. વાઘલધરા, મિલ ફળીયા, તા.જી.વલસાડ

**પ્રોહીબીશન એકટની કલમ :– ૬૫(એ)(એ)મુજબ...**

---

ફરિયાદપક્ષે : વિ.એ.પી.પી.શ્રી એ.એન.મિસ્ત્રી
આરોપીપક્ષે : વિ.વ.શ્રી વી.કે.પટેલ

---

**:: જ જ મે ન્ટ ::**

**(૧)** ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૮.૧૧.૨૦૨૫ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યે મોજે વાઘલધરા, મિલ ફળીયા, તા.જી.વલસાડ ખાતે વગર પાસ પરમીટનો દેશી દારૂ લીટર ૦૬, કિં.રૂા.૧,૨૦૦/– નો એક પ્લાસ્ટીકના કેનમાં ગેરકાયદેસર રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કરેલ. જે અન્વયે ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા તપાસ કરનારે તપાસના અંતે પૂરતો પુરાવો જણાતા હાલના આરોપી સામે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ છે.

**(૨)** પોલીસ અહેવાલ રજૂ થતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૧૦(૧),(ખ) આધારે આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) ના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ કલમ–૨૨૭ અન્વયે આરોપીને ઉપરોક્ત ગુન્હા સબબ સમન્સની ધોરણસર બજવણી થતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા ભારતીય નાગરિક

સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સ તથા ચાર્જશીટની નકલ વિના મૂલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૦૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આંક–૦૫ થી તેઓનુ ગુના સંબંધે નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ સદર ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમિયાન નીચે મુજબના ફરિયાદ પક્ષના પુરાવાઓ રજૂ થયેલા છે.

૧. આંક–૦૬ થી પંચસાહેદ નટુભાઇ મગનભાઇ પટેલની સોગંદ ઉપરની જુબાની

૨. આંક–૦૭ થી પંચનામુ

૩. આંક–૦૮ થી પંચસાહેદ સુરેશભાઇ ભીખુભાઇ પટેલની સોગંદ ઉપરની જુબાની

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો પૂરો થયેલ હોવાનુ જાહેર કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષના પુરાવાના અંતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો આવેલ ન હોઈ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) આ કામે આરોપી પક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી. ત્યારબાદ બંને પક્ષોએ મૌખિક દલીલો કરવામાં આવેલ છે. જે ધ્યાને લીધી.

(૬) ઉપર મુજબની હકીકતે આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ બનાવ સમયે અને સ્થળે વગર પાસ પરમીટનો દેશી દારૂ લીટર ૦૬, કિં.રૂા.૧,૨૦૦/– નો એક પ્લાસ્ટીકના કેનમાં પોતાના કબજાના ઘરમાં

ગેરકાયદેસ રીતે રાખી, રેઈડ દરમ્યાન પકડાઈ જઈ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

**૧.** નકારમાં.
**૨.** આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

(૮) સદર કામે પંચનામાની કાર્યવાહી જે બે પંચો રૂબરૂ કરવામાં આવી હોવાનો ફરિયાદ પક્ષનો કેસ છે, તે પંચનામાના પંચસાહેદ નટુભાઈ મગનભાઈ પટેલને આંક–૦૬ થી તથા પંચસાહેદ સુરેશભાઈ ભીખુભાઈ પટેલને આંક–૦૮ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ તૈયાર પંચનામામાં તેમની સહી લેવામાં આવેલ હતી. પંચનામાની કાર્યવાહી પોતાની રૂબરૂ થઈ હોય અને તેઓ પંચનામાની કાર્યવાહી દરમ્યાન હાજર રહ્યા તેવો કોઈ જ પુરાવો આપતા નથી. આમ, આ પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. જેથી વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરીને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની વિસ્તૃત ઉલટ તપાસ લેવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરિયાદ પક્ષ ઉપરોકત પંચ સાહેદો પાસેથી ફરિયાદપક્ષના કેસને સમર્થનકર્તા હોય તેવી કોઈ ફળદાયી હકીકત કઢાવવામાં નિષ્ફળ નિવડેલ છે. ત્યારે આરોપી પાસેથી આ કામે જણાવ્યા મુજબનો મુદ્દામાલ દારૂ મળી આવેલ હોય તેમ પુરવાર થતુ નથી. સદર કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. તેમજ ફરિયાદપક્ષના અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવે તો પણ ફરિયાદપક્ષના કેસને કોઈ ફળદાયી હકીકત પ્રાપ્ત થાય તેની શક્યતા જણાતી નથી. આ સંદર્ભે નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા સતીષ મહેરા વિરૂધ્ધ દીલ્હી એડમીનીસ્ટ્રેશન, (૧૯૯૬) ૩ ક્રાઈમસ પાના નં.૮૫ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, " when judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on future date ".

આમ, જ્યારે ફરિયાદના કામે મહત્ત્વના તથા સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા ન હોય તો માત્ર ફોર્માલીટી પૂરી કરવા ખાતર

અન્ય સાહેદોને તપાસવા જરૂરી જણાતુ નથી. આ કામે રજૂ થયેલ પુરાવાને આધારે ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સંદતર નિષ્ફળ ગયેલ હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**(૧)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) મુજબ આરોપી ભારતીબેન જયંતિલાલ પટેલનાઓને પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હા અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબ્જે લેવામાં આવેલ દેશી દારૂનો અપીલ સમય બાદ નિયમ અનુસાર કમિટી રચી, બે તટસ્થ પંચો તથા આબકારી ખાતાના સંબંધિત અધિકારીશ્રીની હાજરીમાં નાશ કરવો અને તે અંગે વિગતવાર પંચનામુ કરવુ. વધુમાં સદરહુ મુદ્દામાલ નાશ કરવાની પ્રક્રિયા અનુસરતી વખતે ધી ગુજરાત પ્રોહીબીશન કોન્ફેટીકેટેડ અથવા ફોરફીટેડ આર્ટીકલ્સ (ડિસ્પોઝલ) રેગ્યુલેશન્સ, ૨૦૦૪ નું ચુસ્તપણે પાલન કરી, જે અંગે સંબંધિત પોલીસ સ્ટેશનમાં યાદી કરવી.

**(૩)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) અન્વયે આરોપીના જામીન તથા જાતમુચરકા અપીલ સમય માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૦ મી, માહે–જુલાઇ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વલસાડ
તા.૨૦.૦૭.૨૦૨૬

(સોનલકુંવરબા જસવંતસિંહ ચાવડા)
બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
વલસાડ
કોડ નં.જીજે ૦૧૩૦૭